# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ

ક્રમાંકઃકયુ/પરીપત્ર/ઉનાળુ/વેકેશન/૨૦૨૧–૨૨/ ૪૪૨
યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ.
તાઃ ૨૭/૦૪/૨૦૨૨

**વિષયઃ** શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૧–૨૨ના સ્નાતક અને અનુસ્નાતક ભવનોમાં વેકેશન જાહેર કરવા બાબત.
**સંદર્ભ ૧ઃ** શિક્ષણ વિભાગનો તા.૨૬/૧૦/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક પરચ/૨૦૧૮/ ૬૧–ખ–૧.
૨ઃ તા.૨૭/૦૪/૨૦૨૨ના રોજની ડીનશ્રીઓની મિટીગ અન્વયે.

**પરિપત્રઃ** ૪૨

આથી યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ અને કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉપરોક્ત તા.૨૬/૧૦/૨૦૨૧ના ઠરાવ અન્વયે શૈક્ષણિક વર્ષઃ૨૦૨૧–૨૨નું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવેલ છે. સદર પરિપત્રમાં દર્શાવેલ સુચનાઓને ઘ્યાને લઇ સંલગ્ન સ્નાતક કોલેજોમાં તા.૦૧/૦૫/૨૦૨૨ થી તા.૧૪/૦૬/૨૦૨૨ સુધી તથા અનુસ્નાતક ભવનોમાં તા.૧૦/૦૫/૨૦૨૨ થી તા.૧૪/૦૬/૨૦૨૨ સુધી વેકેશન જાહેર કરવામાં આવે છે.

સંલગ્ન સ્નાતક કોલેજોના અધ્યાપકશ્રીઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના અંતે ઉનાળુ વેકેશનના ખૂટતા ૫ (પાંચ) દિવસો અને અનુસ્નાતક ભવનોના અધ્યાપકશ્રીઓના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ના અંતે ઉનાળુ વેકેશનના ખૂટતા ૧૪ (ચોદ) દિવસો સરભર કરવા માટે આગામી શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨–૨૩માં ખાસ આકસ્મિક રજા તરીકે ભોગવી શકાશે. આ રજાઓ માત્ર શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨–૨૩માં સત્રોમાં જ ભોગવવાની રહેશે અને આ રજાઓનું કોઇપણ પ્રકારે રોકડમાં રૂપાંતર થશે નહી.

**વેકેશન દરમ્યાન નીચે મુજબની વિગતો ઘ્યાને લેવા વિનંતી.**

૧. વેકેશનના સમયગાળા દરમ્યાન સરકારશ્રી/યુનિવર્સિટી/વહીવટી તંત્ર/સંસ્થાને કર્મચારીની સેવાની જરૂરીયાત જણાય અથવા પરીક્ષાલક્ષી કામગીરી/ફરજ સોંપવામાં આવે ત્યારે વિદ્યાર્થી/સંસ્થા/યુનિવર્સિટી/રાષ્ટ્ર હિતમાં ફરજ ઉપર ઉપસ્થિત રહેવાનું રહેશે.

૨. અધ્યાપક દ્વારા પોતાની નૈતિક જવાબદારીનાં ભાગરૂપે પોતાનાં વિષયમાં અભ્યાસક્રમ કે અન્ય શૈક્ષણિક કાર્ય બાકી હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી આચાર્યશ્રી દ્વારા પોતાને સોંપાયેલ શિક્ષણ કાર્ય પૂર્ણ કરવાનું રહેશે જે અંગેની જવાબદારી સંબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે.

**કુલસચિવ**

**પ્રતિ,**

૦૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
૦૨. ડીનશ્રી, તમામ વિદ્યાશાખા, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
૦૩. અધ્યક્ષશ્રી (તમામ), તમામ અનુસ્નાતક ભવન, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.
૦૪. આચાર્યશ્રી (તમામ), તમામ સંલગ્ન કોલેજો, કચ્છ યુનિવર્સિટી,ભુજ તરફ.
૦૫. વડાશ્રી, તમામ વહીવટી વિભાગો, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.